॥ સ્વામિશ્રીજી ॥



## સંતભગવંત સાહેબજીની
# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શ્રી વચનામૃત ગઢડા પ્રથમ ૭૦ 'કાકાભાઈનું, ચોરને કાંટો વાગ્યાનું'નું નિરૂપણ**
**૧૦ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**શ્રીજીમહારાજ બોલ્યા જે, 'મોટા મોટા પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો તથા કોઈ હરિભક્તને પૂછવું હોય તો પરમહંસને પૂછો.' ત્યારે ગામ રોજકાના હરિભક્ત કાકાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'અંતરને માંહેલી કોરે એક કહે છે જે, 'વિષયને ભોગવીએ,' અને એક તેની ના પાડે છે, તે ના પાડે છે તે કોણ છે ને હા પાડે છે તે કોણ છે ?'**

મોટા ભાગે તો ભગવાનનો આશરો હોય અને ભગવાનને રાજી કરવાનો ભાવ હોય એવા ભક્તિના માર્ગે ચાલનારા સંતો-ભક્તોને આવા પ્રશ્નો ઊઠે. બાકી, જગતમાં ઘણાંને તો ખ્યાલ જ નથી કે પ્રશ્ન ઊઠે છે કે નથી ઊઠતા ? પણ, જે ભક્ત હોય એને પ્રશ્નો ઊઠે અથવા વિષયને ભોગવવા કે ના ભોગવવા તેની અંદર ખેંચાખેંચ થાય. અંતરનો માહ્યલો એમ કહે કે, વિષય ભોગવીએ અને એક તેની ના પાડે; તો એ ના પાડે છે એ કોણ છે ? અને ભોગવીએ એમ હા પાડે છે એ કોણ છે ? એ મુદ્દાનો પ્રશ્ન છે.

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'લ્યો, એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, આ આપણે છીએ તે જે દિવસથી સમજણા થયા અને માબાપની ઓળખાણ પડી તે દિવસથી માબાપે નિશ્ચય કરાવ્યો જે, 'આ તારી મા ને આ તારો બાપ, ને આ તારો કાકો ને આ તારો ભાઈ, ને આ તારો મામો ને આ તારી બેન, ને આ તારી મામી ને આ તારી કાકી, ને આ તારી માશી ને આ તારી ભેંશ, ને આ તારી ગાય ને આ તારો ઘોડો, ને આ તારું લૂગડું ને આ તારું ઘર, ને આ તારી મેડી ને આ તારું ખેતર, ને આ તારાં ઘરેણાં;' ઈત્યાદિક જે કુસંગીના શબ્દ તે આ જીવની બુદ્ધિમાં રહ્યા છે. તે કેવી રીતે રહ્યા છે ?**

ગામડાના અભણ માણસ પણ બહુ સહેલાઈથી સમજી શકે એવું સ્વામિનારાયણ ભગવાન દૃષ્ટાંત આપે છે. મા-બાપે ભાઈ-બહેન, કાકા-કાકી, મામા-મામી ને ગાય-ભેંશની પણ ઓળખાણ કરાવી. પણ, ઓળખાણ તો એવી કરાવવી જોઈએ કે, આ તારા ઈષ્ટદેવ, આ તારા ગુરુ, આ તારા સાધુ, આ તારા ભક્ત અને સત્સંગી ! અને ભગવાનથી જે દૂર લઈ જાય એ બધો કુસંગ !

**તો જેમ કોઈક સ્રીઓ ભરત ભરે છે તેમાં કાચનો કટકો હોય છે, તેમ ભરતને ઠેકાણે બુદ્ધિ છે અને કાચના કટકાને ઠેકાણે તે જીવ છે.**

કચ્છીઓ આભલાં ભરે છે એનું મહારાજે દૃષ્ટાંત આપ્યું. નાના અમથા કાચના ટુકડાને તેઓ કપડામાં વચ્ચે સાંધીને ફીટ કરી દે.

**તે બુદ્ધિમાં એ કુસંગીના શબ્દ ને તેનાં રૂપ તે પંચવિષયે સહિત રહ્યાં છે; અને તે જીવને પછી સત્સંગ થયો ત્યારે સંતે પરમેશ્વરના મહિમાની ને વિષયખંડનની ને જગત મિથ્યાની વાર્તા કરી, તે સંતની વાર્તા ને તે સંતનાં રૂપ તે પણ એ જીવની બુદ્ધિમાં રહ્યાં છે.**

સત્સંગ થતાં પહેલાં કુસંગીના શબ્દ-આ તારો બાપ, કાકા-કાકી, બહેન, બળદ એ બધું થાય, પણ પછી ભગવાનનો નિશ્ચય થયો, જીવને સત્સંગ થયો, પરમેશ્વરના મહિમાની વાત થઈ તે પછી વિષયખંડનની ને જગત મિથ્યાની વાત થઈ. એટલે જીવમાં પછી રસ્સાખેંચ થઈ. તે સંતની વાર્તા ને તે સંતનાં રૂપ તે પણ જીવની બુદ્ધિમાં રહ્યાં છે; તે બે લશ્કર પછી સામસામે આવ્યાં.

**તે એ બે લશ્કર છે ને સામસામાં ઊભાં છે. જેમ કુરુક્ષેત્રને વિષે કૌરવ ને પાંડવનાં લશ્કર સામસામાં ઊભાં હતાં, ને પરસ્પર તીર ને**


**બરછી ને બંદૂક ને તોપ ને જંજાળોની લડાઈ થતી હતી, અને કોઈક તરવારે લડતા હતા ને કોઈક ગદાએ લડતા હતા ને કોઈક બથોબથ લડતા હતા, ને તેમાં કોઈનું માથું ઊડી ગયું ને કોઈની સાથળ કપાઈ ગઈ, એમ કચ્ચરઘાણ ઊડતો હતો. તેમ આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં રૂપ છે તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે, અને વળી જે આ સંતનાં રૂપ છે તે પણ, 'ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા,' એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે. અને એ બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે. તે જ્યારે કુસંગીનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઇચ્છા થઈ આવે છે ને જ્યારે આ સંતનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઇચ્છા નથી થતી; એમ પરસ્પર અંતઃકરણમાં લડાઈ થાય છે.**

બહારનો કુસંગ વધે તો તે ભગવાનથી દૂર લઈ જાય અને વિષય ભોગવ્યાનું મન થઈ જાય. પણ જો સંતનો યોગ વધે તો સેવા-પ્રાર્થના-ભજનનું બળ વધે; તો વિષય ભોગવવાથી દૂર થઈ જઈએ, વિષય ભોગવવાની ઈચ્છા ના થાય. એટલે કથા-વાર્તા, ધૂન-ભજન-પ્રાર્થના કરવાનાં! યાદ રાખીએ, ભગવાનથી દૂર લઈ જાય, ભગવાનની આજ્ઞા ના પાળવા દે, ભગવાનનાં દર્શન ના ગમે, ભગવાનની પાસે જવું ના ગમે એ વિષય. જો કુસંગના યોગમાં રહીએ તો પંચવિષય ખેંચી જાય અને સત્સંગના યોગમાં રહીએ તો વિષય આપણને કંઈ કરી શકે નહીં.

'વચનામૃત'માં એક જગ્યાએ મહારાજે એક ખેડૂતના દીકરા અને ચીભડાંની વાત કરી છે. સામાન્ય રીતે ગામડાંમાં રહેતા ખેડૂતો ખેતરમાં પહેલો પાક આવે, પોતાના આંબા પર પહેલી કેરી આવે તે મંદિરમાં ઠાકોરજીને ધરાવવા મોકલે, પછી પોતે જમે. અત્યારે આપણા ઘણા બધા સત્સંગીઓ શહેરમાં રહે છે છતાં પણ પહેલી કેરી અહીં ઠાકોરજીને મોકલે, પછી પોતે કેરી ખાય. એમ,આ ખેડૂતે ચીભડાં વાવેલાં ને પહેલું ચીંભડું સરસ પાકીને તૈયાર થયું. શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે ત્યારે પ્રગટ હતા ને જેતલપુરમાં બિરાજમાન હતા. એટલે એને થયું કે, મહારાજ અહીંયાં બિરાજમાન છે તો મારું પહેલું ચીભડું ભગવાનને જમાડું. તેથી સીઝનનું પહેલું ચીભડું લઈને એ નીકળ્યો. અત્યારે તો કૉલ્ડ સ્ટૉરેજ થઈ ગયાં એટલે બારેય મહિના ચીભડાં મળે છે, પણ ત્યારે સીઝન વગર કંઈ મળતું નહીં. ઘરેથી બે-ચાર ગાઉ ચાલવાનું હતું. ચાલતાં ચાલતાં રસ્તામાં એને થયું કે, 'ચીભડાની આટલી સરસ સુગંધ છે, એને હું ખાઈ જોઉં, મહારાજ પાસે તો બહુ બધું હશે, તેમાં મારા ચીભડાની શી ગણતરી?' પણ ત્યારે બીજું અંદરથી થયું, 'ના, મહારાજ માટે છે એટલે મહારાજને ધરાવીને જ જમવું છે, એ પહેલાં જમવું નથી.' ઈન્દ્રિયો-અંતઃકરણનો એક ભાવ કહે, 'ચીભડું ખાઈ જઈએ.' બીજો ભાવ એવું કહે, 'મારે ભગવાનને જમાડવું છે, એ પહેલાં મારે જમવું નથી.' આગળ કહ્યું એમ, સામસામાં લશ્કર! એટલે ઈન્દ્રિય-અંતઃકરણ કે જેને ભોગ ભોગવવાની ઈચ્છા છે એ એકબાજુ આવું કહે કે, 'ખાઈ લઈએ,' અને જીવને ભગવાનને રાજી કરવાની ઈચ્છા છે એ એવું કહે કે, 'ભગવાનને જમાડ્યા વગર ખવાય જ નહીં.' એમ, લડત લેતા લેતા એણે ચીભડું ખાધું નહીં ને મહારાજ પાસે પહોંચી ગયો. નાનો છોકરો એટલે મહારાજની સભામાં એ પાછળ બેઠો હતો. મહારાજે એને જોયો એટલે બોલાવીને આગળ બેસાડ્યો. પછી કહે, 'લાવ તારી થેલીમાં શું લાવ્યો છું?' એણે ચીભડું કાઢીને મહારાજને આપ્યું. મહારાજે સંતોને કહ્યું, 'ચીભડું ધોઈ લાવો.' પછી સભામાં મહારાજે ચીભડું કાપીને ખાધું ને ખુશ થઈ ગયા અને કોઠારીને કહીને સાકરના બે મોટા પડા મંગાવીને એ છોકરાને રાજીપા રૂપે આ પ્રસાદ આપ્યો – એટલો બધો રાજીપો બતાવ્યો.

ત્યારે સભામાં એક મોટા શેઠિયા બેઠા હતા. એમને થયું કે, સ્વામિનારાયણ ભગવાનને ચીભડાં બહુ ભાવતાં લાગે છે. એટલે બીજા દિવસે ગાડું ભરીને ચીભડાં ખરીદી લઈને આવ્યા. સભામાં આવીને બેઠા ને મહારાજને કહ્યું, 'મહારાજ, કાલે પેલો એક ચીભડું લાવ્યો હતો,

ભગવાનથી દૂર લઈ જાય,
ભગવાનની આજ્ઞા ના પાળવા દે,
ભગવાનનાં દર્શન ના ગમે,
ભગવાનની પાસે જવું ના ગમે એ વિષય.





યુવાનોએ તો સેવાની કંઈ પણ તક મળે
તો મંડી જ પડવું,
એનાથી આત્માને બળ મળશે ને
ઈન્દ્રિય-અંતઃકરણના ભાવો પર જીત મળશે.

આજે હું ગાડું ભરીને ચીભડાં લાવ્યો છું.' એમને મનમાં એમ હતું કે, હું ગાડું ભરીને ચીભડાં લાવ્યો છું, તો મને મહારાજ ગુણ ભરીને સાકર આપશે. પણ મહારાજ કહે, 'પેલા જે તલપુરના તળાવમાં જઈને ચીભડાં નાખી આવો.' શેઠ કહે, 'મહારાજ, તમે તો કાલે ચીભડું બહુ વખાણ્યું હતું ને?' ત્યારે મહારાજ કહે, 'એ છોકરો મન સાથે લડત લેતો લેતો આવ્યો હતો, એમાં એની જીત થઈ. એક બાજુ ઈન્દ્રિય-અંતઃકરણને ખાવાની ઈચ્છા હતી અને જીવને મને જમાડવાની ઈચ્છા હતી. તેણે યુદ્ધ કરતા કરતા ઈન્દ્રિય-અંતઃકરણના લશ્કરને મચક ના આપી ને અહીં સુધી ચીભડું પહોંચાડ્યું; એનો રાજીપો બતાવ્યો હતો.'

અંદરથી ભગવાનને ન ગમે એવું કરવાની ઈચ્છા થાય, પણ જીવમાં થાય કે, ભગવાનને નથી ગમતું એટલે મારે કરવું જ નથી. મહારાજ કહે, તમને ઈચ્છા થાય તે કોઈ પ્રૉબ્લેમ નથી, યાદ રાખો. પણ, એને વશ ના થઈએ એવું આત્માનું બળ હોવું જોઈએ. અને એવું બળ મેળવવા માટે જ અત્યારે સેવાઓ કરાવીએ છીએ. સભામાં એટલે બેસવાનું, મંદિરમાં આવીને ધૂન એટલે કરવાની. કારણ કે, કઈ વખતે શું થશે તે માણસને ખબર નથી. ઘણાંને વિષયના ઍટેક આવતા હોય. તે વખતે જો જાગ્રત ના હોય તો લેવાઈ જાય, એમાં ફસકાઈ જાય, એમાં સ્ખલન થઈ જાય. ત્યારે મહારાજનું બળ જોઈએ, આત્માનું બળ જોઈએ. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે, 'નિત્ય પ્રત્યે અડધો કલાક ધૂન કરવી, કથા-વાર્તાનું અને સેવાનું વ્યસન રાખવું.' સેવા કર્યા વગર રહેવાય જ નહીં. યુવાનોએ તો સેવાની કંઈ પણ તક મળે તો શરીરને જોયા વગર મંડી જ પડવું, તો એનાથી આત્માને બળ મળશે ને આત્માને બળ મળશે તો નાનપણથી જ જગતના વિષયો તરફ ખેંચવા પ્રયત્ન કરે છે તેવા ઈન્દ્રિય-અંતઃકરણના ભાવો પર જીત મળશે. આત્મામાં જો બળ હોય તો પછી લડત લેતાં લેતાં એક વખત એવો આવશે કે ઈન્દ્રિયો-અંતઃકરણમાં રહેલો કુસંગ પણ નીકળી જશે અને સુખિયા થઈ રહેવાશે.

**તે જેમ, 'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ।**
**તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥**

**એ શ્લોકમાં કહ્યું છે જે, 'જ્યાં યોગેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે અને ધનુષના ધરતલ અર્જુન છે, ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે.' તેમ જેની કોરે આ સંતમંડળ છે તેનો જ જય થશે એમ નિશ્ચય રાખવો.'**

આપણા આત્મામાં રહેલા પ્રભુનો નિશ્ચય કે, હું ભગવાનનો ને ભગવાન મારા, મારા ભગવાન કર્તા-હર્તા છે, મારા માટે જે કંઈ કરે છે, જે થયું છે, જે થઈ રહ્યું છે, ને થશે તે કરનાર પ્રભુ જ છે ! એ પ્રભુ મને સત્પુરુષ દ્વારા મળ્યા છે અને આ સંતો, સત્સંગીઓનો સંગ છે. એટલે કહ્યું કે, 'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ।' પાંડવો ને કૌરવોનું યુદ્ધ થયું તેમાં કૌરવોની સેના બહુ મોટી હતી. પાંડવો પાસે એટલું બધું લશ્કર નહોતું અને સાથ આપનારા બીજા રાજાઓ પણ ઓછા હતા. પણ શ્રી કૃષ્ણ પરમાત્મા પાંડવોના પક્ષે હતા, એટલે અર્જુન બોલ્યો કે, 'અમારું યુદ્ધ જિતાઈ ગયું.' જ્યાં ભગવાન છે, ધનુર્ધારી અર્જુન છે અને નિષ્ઠાવાન લશ્કર છે ત્યાં જ લક્ષ્મી છે, રિદ્ધિ-સિદ્ધિ છે, વિજય છે, ઐશ્વર્ય છે ને અચળ નીતિ છે. એમ, આપણા પક્ષે ભગવાન છે, સંતો છે, ભક્તો છે તો છેવટે યુદ્ધમાં વિજય છે ને છેવટે બધી રીતે સુખી આપણે થવાના જ છીએ, પણ લડત લેવી પડે.

ઈન્દ્રિયો-અંતઃકરણના જે ભાવો છે, જેને આપણે દેહભાવ કહીએ છીએ. દેહભાવનું જ્યાં સુધી શુદ્ધિકરણ નથી થયું, એમાં જે કુસંગ અને જન્મોજન્મનું ને આ જન્મે બધું જગત ઘૂસેલું છે. જેમ અત્યારે કેન્સરનું દર્દ એવું છે કે, ઑપરેશન કરીને એ પાર્ટ કાઢી નાખો પણ કેન્સરનો થોડો પણ અંશ જો શરીરમાં રહી જાય તો પછી પાછું ફેલાય. એટલે ઑપરેશન કર્યા પછી એનો બીજો ઉપચાર છે - રેડિએશન અથવા કિમોથેરાપી. આછો-પાતળો પણ કેન્સરનો કોઈ અંશ રહી ગયો

હોય તો કિમોથેરાપીથી એ મરી જાય તો પછી ફરી કેન્સર થવાની શક્યતા ના રહે. એમ, આછો-પાતળો કુસંગ હોય તો જગતમાં ખેંચાયા વગર રહે નહીં. એ ટળી જાય એટલા માટે સેવા, ધૂન, ભજન, પ્રાર્થના કર્યાં જ કરવાનાં, એનો સોંપો જ નહીં પડવા દેવાનો. આપણી સાથે તો ભગવાન છે, સંતો છે, અર્જુન - એટલે એવા સાધુઓ છે અને ભક્તોનો સમૂહ છે. તો આપણે સાચા સૈન્યમાં છીએ તેથી નિશ્ચિંત રહીએ કે, આપણો વિજય થવાનો જ છે.

**ત્યારે વળી તે કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! એ સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે તેનો શો ઉપાય છે?'**

સરસ પ્રશ્ન પૂછ્યો છે કે, ભગવાનનું બળ વધે, સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે એનો શો ઉપાય છે ?

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અંતરમાં જે કુસંગી રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે, અને વળી અંતરમાં સંત રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે. પણ જે અંતરમાં કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે**

અંદર કુસંગ તો છે જ અને બહાર પણ કુસંગીઓ ફરતા હોય છે; એનો જો સંગ રાખીએ તો કુસંગીનું બળ વધે.

**અને અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે. માટે બહારના કુસંગીનો સંગ ન કરે**

બહારના સંતનો સંગ રાખીએ, સત્સંગ રાખીએ તો સત્સંગનું બળ વધશે. કુસંગીનો સંગ એટલે ? ભગવાનને ન ગમે એવી વાતો કરતો હોય એ કુસંગી કહેવાય. ભગવાનથી દૂર લઈ જાય એવો સંગ એ કુસંગ. બહાર બધાની સાથે જવાનું, ફરવાનું, મળવાનું પણ એની વાત આપણે માનીએ નહીં, સ્વીકારીએ નહીં-એ સંગ કર્યો ના કહેવાય. કુસંગી ગમે એટલી વાતો કરે તો - અમારે મળતી નથી આવતી એટલે એ વાતનો સ્વીકાર ના કરીએ તો કુસંગ કર્યો ના કહેવાય. જેમ કે, શાકભાજીની લારી લઈને કોઈ આવે તો એમાં બધી પ્રકારનાં શાક હોય, લસણ-ડુંગળી પણ હોય. આપણે લસણ-ડુંગળી ના જોઈતાં હોય એટલે કંઈ શાકભાજીવાળાને કાઢી મૂકીએ ? એને તો લસણ-ડુંગળી લેવાવાળા ઘરાકો પણ હોય એટલે એ બધું રાખવું પડે. પણ, તમારે એમાંથી બટાકા જોઈતા હોય, રીંગણાં જોઈતાં હોય, ભીંડા જોઈતા હોય; તે લઈ લો પછી એ જતો રહે. એમાંથી તમે લસણ-ડુંગળી લો તો તમારે મુશ્કેલી છે, એ લેવું જ નથી પછી શું કામ એનું પૂછો છો ? એમ, કુસંગીઓ ગમે એટલી વાત કરે તો એની વાતને આપણે લઈએ નહીં, સ્વીકારીએ નહીં તો એ કુસંગ કર્યો ના કહેવાય.

તમે ગમે ત્યાં જાવ, તો આ કુસંગી છે કે સત્સંગી છે એ કેમની ખબર પડે ? તો એમની વાતો પરથી ખબર પડે. અમહિમા, ભાવફેર, માથાકૂટ, ખટપટ, નિંદા એવું કરતો હોય એ કુસંગી કહેવાય. એની વાતનો સ્વીકાર ના કરીએ તો એનો સંગ કર્યો ના કહેવાય. પણ, એની વાત માનીએ તો કુસંગ કર્યો કહેવાય. જો અંદરનો કુસંગ અને બહારનો કુસંગ એક થાય તો પછી વિષય તરફ ખેંચાઈ જવાય. એટલે બહારના કુસંગની વાતને માનીએ નહીં, સત્સંગીની ને સત્પુરુષની વાતનો જ સ્વીકાર કરીએ તો કુસંગ કર્યો ના કહેવાય.

**ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય ને સંતનું બળ વધે એમ છે.' એમ શ્રીજીમહારાજે કહ્યું.**

**ત્યારે વળી કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! એકને તો કુસંગીની લડાઈ આળસી ગઈ છે ને સંતનું જ બળ છે એક એવો છે, અને એકને તો એમ ને એમ લડાઈ થતી રહે છે; તે એ બેમાં જેને લડાઈ આળસી ગઈ છે તે મરે ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો કાંઈ સંશય નથી, પણ જેને લડાઈ એમ ને એમ થાય છે તે મરે તેની શી ગતિ થાય? તે કહો.'**

> આછો-પાતળો કુસંગ હોય તો
> જગતમાં ખેંચાયા વગર રહે નહીં.
> એ ટળી જાય એટલા માટે
> સેવા, ધૂન, ભજન, પ્રાર્થના કર્યાં જ કરવાનાં,
> એનો સોંપો જ નહીં પડવા દેવાનો.





**ભગવાનને ન ગમે એવું મારે કરવું જ નથી.
એવું કંઈ થઈ જાય તોય પાછો મંડી પડે કે,
પશ્ચાત્તાપ, પરિતાપની પ્રાર્થના કરીને
પાછો ઊભો થઈને લડે.
તો એ માણસ હાર્યો એ હાર્યો ના કહેવાય.**

સંતનું ને સત્સંગીનું બળ વધી જાય તો વિષય તરફ ખેંચાવાની વૃત્તિ ઓછી થઈ જાય. કુસંગની લડાઈ આળસી ગઈ છે એટલે એને વિષય ભોગવવાની ઈચ્છા જ હવે રહેતી નથી, તો એ તો અક્ષરધામમાં જ જશે. પણ જેની લડાઈ હજી ચાલુ છે – આકર્ષણ થાય છે, પણ બળ મળે એટલે પાછા છૂટી જાય છે ; એમ લડત ચાલ્યા કરે છે ; એ ઓચિંતો મરી જાય તો એનું શું થાય ? એની ગતિ શી થાય ? એ પ્રશ્ન છે.

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો. અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા, તેને તો જીતવા કઠણ જ છે પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જિતાઈ જાય એવા નથી, માટે એ તો એમ ને એમ લડે છે. અને તેમાં જો જીત્યો તો જીત્યો અને જો લડતે લડતે શત્રુનો હઠાવ્યો તો ન હઠ્યો, પણ દેહનો આયુષ્ય આવી રહ્યો અને મૃત્યુને પામ્યો. તો પણ જે એનો ધણી છે તે શું નહીં જાણે જે, 'એને આગળ આવાં કરડાં માણસ આવ્યાં હતાં તે નહીં જિતાય અને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જિતાય એવા હતા ?' એમ એ બેય ધણીની નજરમાં હોય.**

મહારાજ કેવો દાખલો આપે છે ! લડવા નીકળ્યા ને સામે વાણિયા, બ્રાહ્મણ આવે તો એમને બે-ચાર ધોલ-થાપટ મારીએ એટલે જીતી જવાય. પણ કાઠી, કોળી, આરબ સામે આવે તો ? આપણે એક મારીએ તો એ સામે બે મારે. એમને જીતવા અઘરા પડે. એમ, ઘણાંને કાઠીની લડાઈ હોય. ઘણા સાધકોને, સાધુઓને, ભક્તોને વિષયો એવા ચવ્વડ જેવા હોય કે માથાકૂટ કરવી જ પડે. આ દેહ મા-બાપ તરફથી મળ્યો છે. અને મા-બાપ તરફથી મળેલા આ ઈન્સ્ટ્રુમેન્ટમાં જિન્સ મા-બાપનાં આવવાનાં. અને એ જિન્સનું પરિવર્તન કરવાનું છે.

આપણે ડૉક્ટરને શરીર બતાવવા જઈએ તો ડૉક્ટર પહેલા પ્રશ્ન પૂછે, 'તમારા બાપુજીને કે તમારાં બાને કે તમારા ઘરમાં કોઈને હાર્ટ ઍટેક આવ્યો હતો ?' ત્યારે કહીએ, 'ના.' 'તમારાં બા-બાપુજીને ડાયાબિટીસ હતો ?' કહીએ, 'ના.' 'અરે, હું મારું શરીર બતાવવા આવ્યો છું, મારાં મા-બાપનું બતાવવા નથી આવ્યો.' એવું આપણે કંઈ કહીએ ? ડૉક્ટર પહેલાં તો આપણું શરીર પણ ના જુએ ને આવી પૂછાપૂછ કરે, ડૉક્ટરને પૂછીએ કે, 'કેમ આમ પૂછો છો ?' તો કહે, 'જો આ લક્ષણો તમારાં બા-બાપુજીમાં હોય તો તમારામાં તે આવવાનાં ચાન્સીસ ખરા. અને એને નજર સમક્ષ રાખીને બધા ટેસ્ટ કરાવીએ.' મા-બાપ તરફથી મળેલા શરીરમાં ડાયાબિટીસ, હાર્ટ ઍટેક, બી.પી, કોઢ, વગેરે રોગો વારસામાં આવે.

ઘણા હોશિયાર છોકરાઓ લગન કરવા જાય તો એ છોકરીનાં મા-બાપને પણ જોવા માગે. શું કામ ? તો છોકરી રૂડી-રૂપાળી હોય, પણ મા-બાપ ઢોલ જેવાં હોય તો પછીથી એ છોકરી પણ ઢોલ જેવી થઈ જાય. ઘણાંને જો કોઢ હોય તો વારસામાં કોઢ પણ આવે. આ શરીર છે તે મા-બાપ તરફથી મળેલું છે. એટલે ઘણાં એવા રાંકભાવથી જીવન જીવતાં મા-બાપ હોય એવાની લડત વાણિયા-બ્રાહ્મણ જોડે કહેવાય. અને ઘણાં કાઠી જેવી ચવ્વડ પ્રકૃતિનાં મા-બાપ હોય અને એમના તરફથી દેહ મળ્યો હોય એવાંને એને જીતવું અઘરું પડે. પણ, મહારાજ તો જાણતા હોય ને કે, આને ચવ્વડ જેવાં પ્રકૃતિ-સ્વભાવનાં મા-બાપના ઘરે જન્મ મળ્યો છે એટલે બિચારાને યુદ્ધ બહુ લાંબું ચાલશે. અને યુદ્ધ કરતાં કરતાં મરી જાય તો પણ એની ગતિ વાણિયા-બ્રાહ્મણ જોડે યુદ્ધ કરીને જેવી થાય તેવી ગતિ એની પણ થાય. પણ લડત લેતો હોવો જોઈએ. લડતો હોવો જોઈએ કે, ભગવાનને ન ગમે એવું મારે કરવું જ નથી. એવું કંઈ થઈ જાય તોય પાછો મંડી પડે કે, પશ્ચાત્તાપ, પરિતાપની પ્રાર્થના કરીને પાછો ઊભો થઈને લડે. તો એ માણસ હાર્યો એ હાર્યો ના કહેવાય, યાદ રાખો ! અત્યારે ક્રિકેટની મેચો રમાય છે. કોઈ ટીમ હારી ગઈ એટલે બીજા દિવસે રમવાનું બંધ કરી દે ? સળંગ પાંચ-છ મેચ હાર્યા પછી પણ જીતતા હોય છે.

અબ્રાહમ લિંકન શિકાગોમાં લૉયર થયા પછી શિકાગો મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં કૉર્પોરેટર તરીકે ઊભા રહ્યા, પણ હારી ગયા. પછી હિંમત કરીને મૅયરની ચૂંટણીમાં ઊભા રહ્યા, એમાં પણ હારી ગયા. પછી હિંમત કરીને સૅનેટરની ચૂંટણીમાં ઊભા રહ્યા, એમાં પણ હારી ગયા. પછી કૉન્ગ્રેસમૅન તરીકે ઊભા રહ્યા, એમાં પણ હારી ગયા. એમની જિંદગીમાં એક પણ ઇલેક્શન તેઓ જીત્યા જ નહીં. છેવટે પ્રૅસિડૅન્સિયલ ઇલેક્શનમાં ઊભા રહ્યા. ત્યારે બધા હસતા હતા કે, તમારી જિંદગીમાં એક પણ ઇલેક્શન તો તમે જીત્યા નથી અને પ્રૅસિડૅન્સિયલ ઇલેક્શનમાં ઊભા છો ? તો તેઓ કહે, 'હું મારી જાતને હાર્યો માનું તો જ હું હાર્યો કહેવાઉં, પણ હું મારી જાતને હારેલો માનતો જ નથી.' પ્રૅસિડૅન્સિયલ ઇલેક્શનમાં તેઓ જીતી ગયા. આજે આખી દુનિયામાં અમૅરિકાના બૅસ્ટ પ્રૅસિડૅન્ટ અબ્રાહમ લિંકન કહેવાય છે. પણ, એમણે હાર નહોતી સ્વીકારી. એમ, મહારાજ કહે, સાધકે સાધનામાં સ્ખલન થાય કે પડી જવાય, કે જેને જે કહેવું હોય તે કહે, પણ હું ભગવાનને રાજી કરવા નીકળ્યો છું, તો જે થવાનું હોય તે થાય-મારે ભગવાનને રાજી કરવા જ છે ; એમ દૃઢતા રાખી ભગવાનને રાજી કરવાનો આલોચ મૂકે જ નહીં તો ભગવાન એને સહાય કરીને જિતાડી દે.

**તેમ એની ભગવાન સહાય કરે જે, 'આને આવા સંકલ્પ-વિકલ્પનું બળ છે અને લડાઈ લે છે, માટે એને શાબાશ છે ;' એમ જાણીને ભગવાન એની સહાય કરે છે.**

અશ્વિનભાઈએ બાપાને પ્રશ્ન પૂછ્યો કે, 'બાપા, અંદર સંકલ્પ-વિકલ્પના બહુ બધા આરોહ-અવરોહ ચાલે છે, યુદ્ધ ચાલે છે.' ત્યારે બાપાએ કહ્યું, 'એની સામે જોવાનું નહીં, સેવા કર્યા કરવાની. ચંપલમાં જેમ છાણ વળગ્યું હોય અને રોડ ઉપર ચાલ્યા કરીએ એટલે છાણ સુકાઈને ખંખેરાઈ જાય; એમ, કથા-વાર્તા, ધૂન, ભજન, પ્રાર્થના, સેવામાં વિષયો ક્યારે ખંખેરાઈ જશે તેની ખબર પણ નહીં પડે.' અને એવું જ થઈ ગયું ને ! યોગીબાપાની કૃપાથી આપણા અશ્વિનભાઈ 'સાધુરામ' બની ગયા ને !

અમારી સાથે એક વિદ્યાર્થી હતો તે બી.એસસી.માં સાત વખત નપાસ થયો, જો પણ એણે ભણવાનું છોડ્યું જ નહીં ને સાતમા પ્રયત્ને પાસ થયો. જો છોડીને જતો રહ્યો હોત તો ? એમ, હાર કબૂલ કરે તો હારી ગયા, પણ હાર કબૂલ ના કરે તો ભગવાન કહે, એની જીત છે ને ભગવાન રાજી થઈને એને વખાણે કે, શાબાશ !

**માટે બેફિકર રહેવું. કાંઈ ચિંતા રાખવી નહીં. ભગવાનને એમ ને એમ ભજ્યા કરવું ને સંતનો સમાગમ અધિક રાખવો ને કુસંગીથી છેટે રહેવું.' એમ પ્રસન્ન થઈને શ્રીજીમહારાજ બોલતા હવા.**

પ્રયત્ન ચાલુ રાખે ને હાર ના કબૂલે તેઓને ભગવાન સહાય કરે છે, માટે બેફિકર રહેવું, ચિંતા ના કરવી. સંતસમાગમ અધિક રાખવો અને કુસંગથી છેટે રહેવું. આટલો ખ્યાલ રાખવો. તમને ડાયાબિટીસ હોય અને લાડવા ખાવ તો ચાલે ? એનાથી દૂર જ રહેવું પડે.


**ત્યારે ગામ જસકાવાળા જીવાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય?' ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, 'કુસંગી થકી છેટે રહીએ.**

ખબર પડે કે, આ કુસંગી છે એટલે એનાથી પાંચ-સાત ફૂટ છેટે ઊભા રહીએ. જેમ ખબર પડે કે આને કૂતરું કરડ્યું છે તો એનાથી દૂર રહીએ કે ના રહીએ ? એમ, કુસંગીનો ખ્યાલ જ આવી જાય કે, આ ખટપટિયો, નિંદા, માથાકૂટ કરનારો છે તો એની પાસે જવું જ નથી, સંગ નથી રાખવો.

**અને સંતનો સમાગમ અતિશય રાખીએ.**

સંતનો સમાગમ કેવો રાખવો તો ગુણાતીતાનંદ સ્વામી કહે, સંત રોજ પાંચ ખાસડાં મારે તોય ખાસડું ખંખેરીને પાછું આપવું કે, ફરીથી

કથા-વાર્તા, ધૂન, ભજન, પ્રાર્થના, સેવામાં
વિષયો ક્યારે ખંખેરાઈ જશે
તેની ખબર પણ નહીં પડે.





**ભગવાનને કેવળ રાજી કરવા ને જીવના કલ્યાણને અર્થે જ સત્સંગ કરીશું તો ભગવાન રાજી થશે. અને નહીં કલ્પ્યાં હોય એવાં બધાં સુખ ભગવાન આપશે.**

મારવા આપને કામ લાગશે. ગુણાતીત કહે છે તે કક્ષામાં તો આપણે આવી શકીએ જ નહીં, પણ સત્પુરુષ ગમે તે કરે – વઢે–ધખે, વખાણે–ના વખાણે, સામું જુએ–ના જુએ, પણ આપણે સંતને નિર્દોષભાવે વળગ્યા રહેવાનું. કારણ, આપણે આ લડત જીતવી છે એટલે.

**તો તે સંતની વાતે કરીને ભગવાનનો અડગ નિશ્ચય થાય અને જો કુસંગીનો સંગ કરીએ તો અડગ નિશ્ચય ન થાય.'**

અત્યારે બધા ભક્તો એવા થઈ ગયા છે કે, તેમને વઢે તોય વાંધો ના આવે. યોગીબાપા કહે, 'આપણને કોઈ ડોબું કહે તો વિચારવું કે, આપણે કોઈ જન્મે તો ડોબા હોઈશું જ ને !'

**ત્યારે વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'લ્યો, અમે એનો ઉત્તર કરીએ જે, ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો જે, 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય, અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થઉં, કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે,' એવી જાતની જે પદાર્થની ઈચ્છા તે રાખીને સત્સંગ ન કરવો.**

ખરેખર સ્વામિનારાયણ ભગવાન એટલે આ કહે છે કે, તેઓના આશ્રયે રહી સત્સંગ કરીએ એટલે વસ્તુ–પદાર્થ ને બધું તો એની જાતે આવે, માંગવું ના પડે. જેમ પૈસાદારના ઘરે દીકરો જન્મ્યો હોય એને કહેવું પડે ? કે, મને નવાં કપડાં સિવડાવી આપો, મને આ આપો કે મને પેલું આપો. એનાં મા–બાપ જ બધું આપે, બીમાર થાય તો મા–બાપ જ એની ચિંતા કરે, એને કંઈ કહેવું ના પડે. એમ, આપણે ભગવાનના થઈને જીવીએ તો જે વખતે જેની જરૂર છે એ ભગવાન આપ્યા વગર રહેશે નહીં, માંગવું નહિ પડે.

**અને જો એવી જાતની ઈચ્છા રાખીને સત્સંગ કરે અને એ પદાર્થની ઈચ્છા પૂરી થાય તો અતિશય પાકો સત્સંગી થઈ જાય અને જો ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય. માટે સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહીં.**

ભગવાનને કેવળ રાજી કરવા ને જીવના કલ્યાણને અર્થે જ સત્સંગ કરીશું તો ભગવાન રાજી થશે. અને ભગવાન રાજી થશે તો આપણે નહીં કલ્પ્યાં હોય એવાં બધાં સુખ ભગવાન આપશે.

**કાં જે, ઘરમાં દસ માણસ હોઈએ અને તે દસેનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી એક જણ જો ઊગરે તો શું થોડો છે ? કે હાથમાં રામપત્તર આવવાનું હોય અને રોટલા ખાવા મળે તો શું થોડા છે ? સર્વે જનારું હતું તેમાંથી એટલું રહ્યું તે તો ઘણું છે; એમ માનવું. એમ અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું, પણ એ જીવને એમ સમજાતું નથી. અને જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે. ત્યાં એક વાર્તા છે જે, એક ગામમાં ચોર બહુ રહેતા. તેમાંથી એક ચોર સાધુને પાસે બેસવા આવતો હતો. તેને માર્ગને વિષે પગમાં કાંટો વાગ્યો, તે પગમાં સોંસરો નીકળ્યો. તેણે કરીને પગ સૂણ્યો તે ચોરીએ ન જવાણું અને બીજા ચોર તો ચોરી કરવા ગયા. તે એક રાજાનો ખજીનો ફાડીને ઘણુંક ધન લઈ આવ્યા અને સૌએ માંહોમાંહી વહેંચી લીધું. તે પૈસા બહુ આવ્યા. તેને સાંભળીને ચોર જે સાધુ પાસે આવતો હતો ને કાંટો લાગ્યો હતો તેનાં માબાપ, સ્ત્રી અને સગાં સર્વે વઢવા લાગ્યાં જે, 'તું ચોરી કરવા ન ગયો અને સાધુ પાસે ગયો તે આપણું ભૂંડું થયું ને તે ચોર ચોરી કરીને લાવ્યા તો કેટલાય પૈસા એમને આવ્યા.' ને એમ વાર્તા કરે છે ત્યાં રાજાનું**

**લશ્કર આવ્યું. તે સર્વે ચોરને ઝાલીને શૂળીએ દીધા, તેને ભેળે એને પણ ઝાલીને શૂળીએ દેવા સારુ લઈ ગયા. ત્યારે તે સર્વે ગામને માણસે તથા સાધુએ સાખ પૂરી જે, 'આ તો ચોરી કરવા નો'તો ગયો, એને તો કાંટો વાગ્યો હતો.' ત્યારે તે ઊગર્યો. એમ સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે;**

'શૂળીનો ઘા કાંટેથી સર્યો.' એ કહેવત શેના પરથી પડી ? મહારાજે એનો દાખલો આપ્યો. એક ગામમાં ચોરો રહેતા ને ચોરી કરવા જતા. એમાંના એક ચોરને સાધુની કથા સાંભળવા જતાં રસ્તામાં કાંટો વાગ્યો એટલે પગ સૂજી ગયો. બીજા દિવસે ચોરો રાજાના રાજમહેલમાં ચોરી કરવાના હતા, પણ આનાથી પગે ચલાય નહીં એટલે જવાયું નહીં. પેલા લોકો જઈને ચોરી કરી આવ્યા ને એમણે એ પૈસા વહેંચ્યા તો એમાં બધાને ભાગે બહુ પૈસા આવ્યા. આ ચોર નહોતો ગયો એટલે એનાં પત્ની તથા ઘરવાળાં બધાં કહે, 'તું કથા સાંભળવા ગયો ને કાંટો વાગ્યો ને ચોરી કરવા ના ગયો, આ લોકોએ ચોરી કરીને કેટલું બધું ધન મેળવ્યું ને તું રહી ગયો !' રાજાના મહેલમાં ચોરી થઈ એટલે ચોરોને પકડવા ધાડ આવી ને બધાને પકડી ગયા. રાજાના મહેલમાં ચોરી થઈ હતી એટલે રાજા ખિજાયો અને કહ્યું, 'બધા ચોરોને શૂળીએ ચઢાવી દો.' – મૃત્યુદંડની સજા. ત્યારે સંતે અને ગામના લોકોએ કહ્યું, 'આને તો પગે કાંટો વાગ્યો હતો એટલે એ ચોરી કરવામાં હતો નહીં.' 'શૂળીએ ચઢાવી દો' એટલે કે મૃત્યુદંડની સજા થઈ હતી પણ કાંટો વાગ્યો હતો, એ કાંટો વાગવાના દર્દથી એને શૂળીનું દુઃખ મટી ગયું. એમ, ભક્તને આવું જે કાંટો વાગ્યા જેટલું દુઃખ આવે, પણ બહુ મોટા દુઃખમાંથી ભગવાન એની રક્ષા કરતા હોય છે. મહારાજ એ કહે છે. તમને જે દુઃખ આવ્યું છે એના કરતાં અનંતગણું દુઃખ આવવાનું હતું, પણ થોડું દુઃખ આપીને ભગવાને તમારી રક્ષા કરી.

**કાં જે, અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહીં; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય; એ બે વર મને આપો.' એમ મેં રામાનંદ સ્વામી પાસે માગ્યું, ત્યારે મને રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે.**

જોયું ! આપણાં પ્રારબ્ધનું આપણું દુઃખ ભગવાને ઉડાડી દીધું. ભગવાને પોતાના ગુરુ પાસે માગી લીધું કે, 'સત્સંગીના પ્રારબ્ધમાં લખેલું હોય કે એક વીંછીનું દુઃખ આવે તો તે મને આવો, પણ સત્સંગીને ના આવો.' ભગવાને આપણાં સૌનાં પ્રારબ્ધનું દુઃખ ઉડાડ્યું ને ખાધા-પીધા, કપડાંલત્તાંનું સુખ આપ્યું.

**માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહીં. તોય પણ પદાર્થ નાશવંત છે, માટે એ પદાર્થની ઈચ્છાએ સત્સંગ કરે તો એને નિશ્ચયમાં સંશય થયા વિના રહે જ નહીં. માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, તો અડગ નિશ્ચય થાય.' ઈત્યાદિક ઘણીક વાર્તા તો કરી છે પણ આ તો દિશમાત્ર લખી છે.**

મહારાજે છેલ્લે એ કહ્યું કે, સત્સંગ કરવો એ તો નિષ્કામપણે, પોતાના જીવના કલ્યાણને અર્થે જ કરવો; તો અડગ નિશ્ચય થાય. એવો નિશ્ચય અડગ રાખવો કે, આ સત્સંગ કરું છું, સેવા કરું છું, ભક્તિ કરું છું તે કેવળ ને કેવળ મારા પ્રભુ રાજી થાય એટલે જ કરું છું. એમને રાજી કરવાનો જો નિશ્ચય અડગ હશે તો ભગવાન કહે, બધી પ્રકારે અમે એમને સુખિયા કરીશું, કરીશું ને કરીશું; આપણને એમનું વરદાન છે !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

આ સત્સંગ કરું છું, સેવા કરું છું, ભક્તિ કરું છું
તે કેવળ ને કેવળ મારા પ્રભુ રાજી થાય એટલે જ કરું છું.
એમને રાજી કરવાનો જો નિશ્ચય અડગ હશે તો ભગવાન કહે,
બધી પ્રકારે અમે એમને સુખિયા કરીશું, કરીશું ને કરીશું.

